# શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન
# ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

## કળિયુગ, સાધનાનો સમય

સત્સંગ દરમ્યાન શ્રીગુરુમાઈએ 'યુગો' વિશે જે કહ્યું તે સાંભળીને હું મંત્રમુગ્ધ રહી ગઈ. ભારતનાં શાસ્ત્રો અનુસાર, આપણે અત્યારે કળિયુગમાં જીવી રહ્યાં છીએ. ગુરુમાઈજીએ કહ્યું કે સામાન્યરીતે લોકો કળિયુગ વિશે ભય અને ગભરાટ સાથે વાત કરે છે; લોકો એને અરાજકતા અને વિનાશનો પર્યાય માને છે.

સાચી વાત એ છે કે બધા યુગોમાં ભલાઈ અને વિનાશ બંને થતા હોય છે. આટલું તો ભારતીય શાસ્ત્રો અને વાર્તાઓને ઉપરછલ્લી વાંચવાથી પણ જાણવા મળશે. તોપણ કોઈ કારણસર, એવું માનવામાં આવે છે કે કળિયુગમાં દુષ્ટતાનો પ્રભાવ અગાઉના યુગોની સરખામણીમાં વધારે છે.

એટલા માટે જ્યારે ગુરુમાઈજીએ કહ્યું કે ભારતીય સંતો કળિયુગ વિશે નિર્ભય હતા તો એ સાંભળીને મને બહુ સારું લાગ્યું. તેમણે ભયભીત થઈને પીછેહટ નહોતી કરી. તેના બદલે, તેમણે આ યુગને એક સુઅવસરના રૂપે જોયો. તેમણે બધાંને સાધના કરવા માટે, ભગવન્નામનું સંકીર્તન કરવા માટે પ્રેરિત કર્યા, એ સમજવા માટે પ્રેરિત કર્યા કે ભગવન્નામનો માત્ર એકવાર જપ કરવાથી પણ આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. વાસ્તવમાં, તેમણે જોયું કે ખરું સંકટ તો ભગવાનના નામને ભૂલવામાં છે. જેમકે સંતકવિ નામદેવ મહારાજે તેમના એક અભંગમાં કહ્યું છે : "હે પ્રભુ, આપનું નામ અમૃત કરતાં પણ વધારે મધુર છે. તોપણ, હે કેશવ, મારું મન તેનો જપ શા માટે નથી કરતું?"

નિઃસંદેહ, સાધના સારા અને ખરાબ બંને સમયમાં કરી શકાય છે અને કરવી પણ જોઈએ. તેનાથી કોઈ ફરક નથી પડતો કે આપણને સૂર્યનો પ્રકાશ દેખાય છે કે પછી તે આપણી નજરથી અદશ્ય થઈ ગયો છે. પરંતુ મેં જોયું છે — અને કદાચ તમે પણ જોયું હશે — કે જ્યારે પરિસ્થિતિઓ પ્રતિકૂળ હોય છે ત્યારે આપણે સાધના કરવા વધારે પ્રેરિત થઈએ છીએ. સારા સમય દરમ્યાન "પ્રયત્નો કરવામાં શિથિલ થઈ જવું", અભ્યાસોને આવતીકાલ, પરમ દિવસ અને તેના પછીના દિવસ પર ટાળવા ઘણા સહેલા છે, અને આ બધું કરતા રહીને આપણે પોતાને સુરક્ષાની મિથ્યા (અથવા કંઈ નહીં તો અસ્થાયી) ભાવનામાં લપેટી લઈએ છીએ, અને તે એ વસ્તુઓ પર આધાર રાખે છે જેને આપણે આપણી બહાર જોઈ, સાંભળી અને મહસૂસ કરી શકીએ છીએ.

પરંતુ જ્યારે તે બહારનો આધાર અસ્થિર લાગવા માંડે છે, જ્યારે પડી જવાનું જોખમ અચાનક એ રીતે મહસૂસ થવા લાગે છે જે રીતે કદાચ તે એક વર્ષ અથવા દસ વર્ષ પહેલાં મહસૂસ ન થયું હોત, ત્યારે એવી વસ્તુની શોધ કરવી સ્વાભાવિક છે જે હંમેશાં સ્થિર રહે. એ સ્થાન ક્યાં છે જ્યાં આપણને અચૂકપણે શરણ મળી શકે, પછી

ભલેને આપણી ચારેબાજુ સંસારસાગરમાં કેટલીય ઊથલપાથલ કેમ ન થતી હોય? એ સ્થાન આપણા અંતરમાં છે, તે એ ધામ છે જ્યાં પહોંચવા માટે શ્રીગુરુ આપણું માર્ગદર્શન કરે છે — અને જ્યાં આપણે બસ પરિશ્રમપૂર્વક કરવામાં આવેલી આપણી સાધના દ્વારા જ પહોંચી શકીએ છીએ.

હવે હું તમને પૂછવા માગું છું : શું આ વાત સાચી નથી?



© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.